ચિલોડામાં આવેલ સધીમાતાના સમાધિ મંદિરેથી માલધારી સમાજ દ્વારા ડભોડાના હનુમાનદાદાના મંદિરે પગપાળા યાત્રા કાઢી બાવન ગજની ધજા ચઢાવવામાં આવી હતી. સદીઓ પહેલા રાજ-રજવાડાના ઈતિહાસમાં માતાજીના શ્રાપથી પીડાતા માલધારીઓ દ્વારા નિવારણ અર્થે પંચામૃત ધારાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસપાસના ૧૫ ગામોના માલધારી સમાજના આગેવાનો અને વીરસેનાના યુવકો જોડાયા હતા. આ યાત્રા અબીલ ગુલાલની છોળો સાથે ડભોડા પહોંચી હતી અને દાદાને દૂધનો અભિષેક કરાયા પછી બાવન ગજની ધજા અર્પણ કરાઈ હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સેકટરોમાં ૨૦મીએ પાણી પુરવઠો બંધ રાખવામાં આવશે

૨૧મીએ પણ ઓછા પ્રેશરથી જ પુરવઠો અપાશે

ગાંધીનગર, તા.૧૨

ગુડા વિસ્તારમાં પાણીની લાઈનનું જોડાણ આપવાની કામગીરી સંદર્ભે આગામી તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ પાણી પુરવઠો બંધ રહેશે જ્યારે ૨૧મીએ પણ ઓછા ફોર્સથી પાણી અપાશે.

શહેરમાં હાલ પાટનગર યોજના વિભાગ-૩ દ્વારા શુધ્ધ કરાયેલ પાણી પુરવઠાનું વિતરણ ચરેડી વોટર વર્કસ તથા સરિતાઉદ્યાન અને સે-૫ના હેડ વર્કસ ખાતેથી કરવામાં આવે છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા સપ્લાય કરવામાં આવતા પાણી પુરવઠાની એન.સી.-૧૪ યોજનાને મુખ્ય લાઈનમાંથી ગુડાના ટાઉન પ્લાનીંગ અંતર્ગતની યોજના માટે નું જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જેના પરિણામે તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ તંત્ર દ્વારા સેકટરોમાં પાણી પુરવઠો આપવામાં આવશે નહીં આ ઉપરાંત તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ પણ ઓછા ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવશે. આ દરમિયાન આમ નાગરિકોએ પણ પાણીના ઉપયોગ માટે વધુ સાવધાની વર્તવી પડશે. તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ પાણીનો સપ્લાય બંધ રહેશે જેની નગરજનોને નોંધ લેવા પાટનગર યોજના વિભાગે જણાવ્યું છે.

વરસાદની હેલીથી ખરીફ પાકોમાં થઈ રહેલું નુકશાન : ખેડૂતો ચિંતામાં

ચિલોડા પંથકમાં ભીંડાના પાકની નિષ્ફળતા પછી કપાસના પાકમાં ચકરું પડવા લાગ્યુ : કપાસની કેરીઓમાં કોહવાટ આવતા ખેડૂતો નિરાશ

ચિલોડા, તા.૧૨

છેલ્લા સપ્તાહમાં સતત વરસેલા વરસાદના કારણે ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકમાં ખેડૂતોમાં કભી ખુશી કભી ગમની સ્થિતિ પેદા કરી છે. એક તરફ ખેડૂતો સારા વરસાદના કારણે આનંદમાં છે તો બીજી તરફ ખરીફ પાકમાં ભીંડાના પાકની નિષ્ફળતા બાદ હવે કપાસમાં પણ ચકરું અને ફળમાં કોહવાટ દેખાતા ચિંતાતુર બન્યા છે.

ચિલોડા પંથકમાં કપાસના પાકમાં ચકરું પડયું છે આ ઉપરાંત સતત હળવાથી ભારે વરસાદના કારણે કપાસની કેરીઓમાં કોહવાટ પણ લાગવા માંડયો છે. ખરીફ પાકમાં ભીંડામાં અગાઉ વરસાદ ખેંચાવાના કારણે નિષ્ફળતા મળતા આર્થિક નુકસાન વેઠવું પડયું હોઈ ખેડૂતો વધુ ચિંતામાં ગરકાવ થયા છે. કપાસની કરીના મોલમાં કોહવાટથી કેરીઓ ખરી પડી રહી છે. કપાસની પ્રથમ વીણી વીણવાની તૈયારી વરસાદના કારણે પાછી પડતા આ નવી મુશ્કેલી સર્જાવાના કારણે ખેડૂતોને મોંમા આવેલો કોળિયો ઝુંટવાઈ જવાના ભયે નિરાશાનું મોજું ફરી વળ્યું છે. હાલ તો સત્વરે મેઘરાજા ખમૈયા કરે તો રહ્યું સહ્યું નુકશાન અટકે તેવું કિસાનો ઈચ્છી રહ્યા છે.

રીક્ષા ગેંગનો વધુ એક સુત્રધાર એલસીબીએ ઝડપી પાડ્યો

પંદર મહિના પહેલા ૨.૪૨ લાખના દાગીના મુસાફરની નજર ચુકવી સેરવી લીધા હતા : અગાઉ તેનો સાગરીત અફસર ઉર્ફે બાટલી પકડાયો હતો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં મુસાફરોને રીક્ષામાં બેસાડી તેમની નજર ચુકવીને કિંમતી ચિજવસ્તુઓ કે દાગીના સેરવી લેતી રિક્ષાગેંગનો એક સાગરીત થોડા દિવસ અગાઉ એલસીબીના સકંજામાં આવી ગયો હતો. તેણે રૂ. ૨.૪૨ લાખના દાગીના સેરવી લીધાનો ૧૫ મહીના પહેલા આચરેલો ગુનો કબુલ્યો હતો. આ ગુનામાં તેની સાથે રહેનાર સુત્રધાર નાસતો ફરતો હતો. એલસીબીની ટીમે તેની પણ ધરપકડ કરી લીધી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા પીએસઆઈ આર.એન. વાઘેલા સહીતની ટીમે ૧લી સપ્ટેમ્બરે નારોલ વિસ્તારના અફસર ઉર્ફે બાટલી જફરખાન પઠાણને ઝડપી પાડ્યો હતો. રિક્ષાગેંગના સુત્રધાર અફસર ઉર્ફે બાટલીએ તેના મિત્રો સાથે મળીને ૧૫ મહિના પહેલા ઘ-૫ સર્કલથી એક પરીવારને સે. ૨૦માં લઈ જવા રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડ્યા હતા અને તેમના થેલામાંથી નજર ચુકવીને સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૨.૪૨ લાખની મત્તા સરકારી લીધી હતી. આ ગુનાની કબુલાત કરતાં તેની ધરપકડ કરી કાર્યવાહી આરંભી હતી. આ ગુનામાં સાથીદાર વટવા વિસ્તારનો અનીશ અહેમદ ઉર્ફે અન્નુ કરીમ મહેમદ અંસારી નાસતો ફરતો હતો. આ શખ્સની પણ એલસીબીએ ધરપકડ કરી લીધી છે અને ઝીણવટભરી પુછતાછ શરૂ કરી છે.

કોલવડા રોડ પર આવેલુ નાળુ અચાનક તુટી પડ્યું

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે તહસનહસ થઈ જવા પામ્યું છે. વરસાદથી શહેર અને ગામડાઓની શકલ બગડી

જવા પામી છે. ગઈકાલ મોડી રાતે કોલવડા રોડ પર આવેલ નાળુ તુટી જતા ગામના લોકોને પાંચ-પાંચ કિલોમીટર જેટલુ વધારે અંતર કારવું પડ્યું છે. સાંજ સુધી એક સાઈડ ચાલુ પણ કરી દેવામાં આવી છે.

ગઈકાલે મોડી રાતે ગાંધીનગરની પાસે આવેલ કોલવડા ગામના મેઈન રોડ ઉપર આવેલ નાળુ ભારે વરસાદથી તુટી જવા પામ્યું છે. ત્યારે ગ્રામજનો બે કિલોમીટરની જગ્યાએ આજે પાંચ કીલો મિટર જેટલુ અંતર કાપવું પડ્યું હતું.

ભારે વરસાદથી જિલ્લાના કલોલ, માણસા, દહેગામમાં તારાજી સર્જાઈ જવા પામી છે. દહેગામના નાંદોલમાં ગઈકાલે મકાન પડી જવાની ઘટના બની છે. ત્યારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ જવા

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

પામ્યું છે. ત્યારે ગાંધીનગર તાલુકો પણ બાકાત રહ્યો નથી.

નગરની પાસેના કોલવડા રોડ ઉપર ટાટા ચોકડીથી એક કિલોમીટર અંતરે જંગલ ખાતા પાસે આવેલ નાળુ વરસાદના કારણે તુટી ગયું હતુ. આ નાળુ ગઈકાલ મોડી રાતે અચાનક તુટી જતા ગામના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તદ્ઉપરાંત અહિંથી કલોલ, પુન્દ્રાસણ, ટીંટોડા જતા ડેઈલી વાહનોને પણ ડાયવર્ટ કરી પરત વાવોલ અને રાંધેજા થઈ ગાંધીનગર આવવું પડ્યું હતુ.

કોલવડા રોડ ઉપર આવેલ નાળુ તુટી જતા તંત્ર પણ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગયું હતું અને રોડ રિસરફેસ કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. તંત્ર દ્વારા તુટી ગયેલ રોડની સાંજ સુધી એક સાઈડ તૈયાર કરી નાખવામાં આવી છે અને ગ્રામજનો પુનઃ રોડ ઉપર વાહન હંકારતા થઈ ગયા હતા. ત્યારે આગામી સમયમાં નાળુ અચાનક તુટી ન પડે તે માટે તંત્રે પણ મજબુત કામગીરી કરી હતી.

સે. ૨૨ સાર્વજનિક નવરાત્રી સમિતિના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૨

આગામી નવરાત્રી મહોત્સવને લઈને સેક્ટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવની બેઠક તાજેતરમાં સેક્ટર-૨૨ શોપીંગ સેન્ટર ખાતે મળી હતી.

નવરાત્રી મહોત્સવ ૨૬ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે, ત્યારે સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કાલીદાસ પટેલ, ઉપપ્રમુખ પદે રમેશભાઈ ચૌધરી, દિલીપસિંહ વાઘેલા, દશરથભાઈ પટેલ, સહમંત્રી તરીકે રાકેશ પટેલ, પ્રભાત દેસાઈ, રાજેશ પટેલ, હિમાંશુ પટેલ, ખજાનચી તરીકે મોનિલ પટેલ, મુકેશભાઈ પટેલ, હિંમતભાઈ સેલડીયા તેમજ કારોબારી સલાહકાર અને વ્યવસ્થા સમિતિમાં પશાભાઈ પટેલ, ભરતભાઈ જોષી, પ્રકાશભાઈ પટેલ, દિપક પટેલ, અશ્વિનભાઈ વ્યાસ (કુકર), કેતનભાઈ પટેલ, પ્રકાશભાઈ સુખડીયા સહિતની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

સે. ૨૪ નવરાત્રી સમિતિના હોદ્દેદારોની વરણી

સેક્ટર-૨૪ શિવમ-સહયોગ એપાર્ટમેન્ટના રહિશોની સામાન્ય સભા અંબાજી મંદિર ખાતે મળી હતી. બેઠકમાં નવરાત્રી સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે દિલીપકુમાર પટેલ, ઉપપ્રમુખ તરીકે ડો. વિનોદગીરી દેસાઈ, મંત્રી તરીકે વિપુલભાઈ પંડ્યા, સહમંત્રી તરીકે યતીશ ગોસાઈ, ખજાનચી તરીકે બ્રિજેશ પટેલની વરણી સર્વાનુમતે કરવામાં આવી છે.

રોગ નંબરથી સંપર્કમાં આવેલી ૧૪ વર્ષની કિશોરી પર બળાત્કાર

યુવાન શખ્સે ચિલોડાના ગેસ્ટ હાઉસમાં બબ્બે વાર બળાત્કાર ગુજાર્યો : ઈડર લઈ ગયા બાદ કિશોરીને ચિલોડા એકલી મોકલી દીધી : લગ્નની લાલચ આપી ગુનો આચર્યો હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીકના એક ગામની ૧૪ વર્ષની કિશોરી સાથે રોંગ નંબરથી સંપર્કમાં આવેલા એક શખ્સે લગ્નની લાલચ આપીને તેણીને ગેસ્ટહાઉસ લઈ જઈ બબ્બે વાર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ સે-૨૧ પોલિસ ચોપડે નોંધાતા ચકચાર મચી જવા પામી છે. જો કે ભોગ બનનાર કિશોરીની માતાએ એક હોમગાર્ડના જવાન સામે બળાત્કારની ફરિયાદ આપી હતી. પરંતુ પી.આઈ.ના જણાવ્યાનુસાર કિશોરીને સાથે લઈ જઈને કરેલી તપાસમાં આરોપી ઈડરનો એક બીજો જ શખ્સ હોવાનું ખુલ્યું છે. પોલીસે તે દિશામાં ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર નજીકના એક ગામમાં રહેતી ૧૪ વર્ષની કિશોરીને ઘ-૬ સર્કલે બોલાવીને લગ્નની લાલચ આપી બબ્બે વાર મરજી વિરૂદ્ધ શારિરીક સંબંધ બાંધીને માણસાના દેલવાડ વિસ્તારના રહેવાસી હોમગાર્ડ જવાન સંજયસિંહ વિક્રમસિંહ વાઘેલાએ બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ કિશોરીની માતાએ સે-૨૧ પોલીસ મથકે નોંધાવી છે.

સમગ્ર ઘટનાની તપાસ કરી રહેલા સે-૨૧ સેકન્ડ પી.આઈ. વી.એચ. ડિંગોરના જણાવ્યા મુજબ ભોગ બનનાર કિશોરીને સાથે લઈ જઈને ગુનાના સ્થળોએ તપાસ કરતા અને કિશોરીના કહેવા મુજબ બહાર આવ્યું છે કે ફરિયાદમાં જે હોમગાર્ડ જવાનનો ઉલ્લેખ છે તે આરોપી નહીં પરંતુ ઈડરના રહેવાસ ગામનો એક અન્ય જ વ્યકિત આરોપી હોવાનું ખુલ્યું છે. પી.આઈ.ના કહેવા પ્રમાણે રોંગ નંબરથી ઈડરનો હરેશ ગીરધર મકવાણા ગાંધીનગર નજીકના એક ગામની કિશોરીના સંપર્કમાં આવ્યો હતો અને પ્રેમજાળમાં ફસાવીને કિશોરીને લગ્નની લાલચ આપી ઘ-૬ સર્કલે ૧૦મી તારીખે બોલાવીને રિક્ષામાં ચિલોડા લઈ ગયો હતો.

ચિલોડા મરજી વિરૂધ્ધ એક ગેસ્ટહાઉસમાં બળાત્કાર ગુજારી હિંમતનગર લઈ ગયો અને ત્યાંથી ઈડર આરોપીની બહેનના ઘરે લઈ ગયો હતો. ઈડરથી કિશોરીને કહ્યું કે તું હવે બસમાં ચિલોડા પહોંચ અને સર્કલે ઉભી રહેજે હું ત્યાં આવું છું. કિશોરીએ ચિલોડા પહોંચીને ઘણી રાહ જોઈ પરંતુ તે આવ્યો જ નહીં. અંતે ચિલોડા પોલીસ સ્ટેશને કિશોરીએ જાણ કરી હતી ત્યાંથી સે-૨૧ પોલીસ મથકે મામલો પહોંચ્યો હતો પોલીસે તે દિશામાં ઉંડી તપાસ શરુ કરી છે.

આણંદ નગરપાલિકા પૂર્વપ્રમુખ અને ગુજરાત નગરપાલિકા પરિષદનું વર્ષો સુધી કુશળ નેતૃત્વ કરનાર સ્વ. બાબુભાઈ ગી. પટેલની પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર ખાતે બા.ગી. પટેલ નગરપાલિકા પરિષદ ભવનના પટાંગણમાં વર્તમાન પ્રમુખ પોપટલાલ પટેલે તેઓશ્રીની અર્ધપ્રતિમાને પ્રમુખસ્વામિ બાપા તરફથી મળેલા ગુલાબોના હાર ચઢાવી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સમયે મુરબ્બી રંભાબેન બા.ગી. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં પરિષદના પૂર્વ સહમંત્રી અને કપડવંજના પૂર્વ પ્રમુખ વિનોદભાઈ ગાડી (એડવોકેટ-નોટરી) નયનાબેન પટેલ, અજીતભાઈ મરફતીયા, અરવિંદ નાયક, મનસુખભાઈ પટેલ, પ્રવિણભાઈ ગઢવી-પાલીતાણા, શૈલેષભાઈ ગોહિલ-મોડાસા, વિ. ગુજરાતની નગરપાલિકાઓના અનેક પ્રમુખો, હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને સ્વ. બાબુભાઈની સેવાઓ, કામગીરી, નિસ્વાર્થે જીવનશૈલીને મુકતકંઠે બિરદાવી હતી. આ પ્રસંગે નગરપાલિકા પરિષદના ઓફીસ સેક્રેટરી રણજીતભાઈ દેસાઈ (ગુજરાત સરકારના પૂર્વ બાહોશ અધિકારી) તથા નગીનભાઈ પ્રજાપતિ વિગેરેએ ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

ચિરવિદાય

- સ્વ. ક્રિષ્નાબેન માધાજી ઠાકોર (ઉ.વ.૭૫) મુ. શિહોલી મોટી, તા. જી. ગાંધીનગર
- સ્વ. રોહિતભાઈ નારણભાઈ ચૌધરી (ઉ.વ.૬૨) ઈ-૧૧૨, સંકલ્પ રેસીડેન્સી, ન્યુ વાવોલ તા.જી. ગાંધીનગર
- સ્વ. ખસીયા જીલુસિંહ સોહુભાઈ (ઉ.વ.૬૪) ૩/૪, સેક્ટર-૭એ, ગાંધીનગર
- સ્વ. શાંતાબેન કેશવભાઈ ચૂડાસમા (ઉ.વ.૯૧) પ્લોટ નં૪૮૨/૨, સેક્ટર-૩સી, ગાંધીનગર
- સ્વ. બલભદ્રસિંહ હિંમતસિંહ બિહોલા (ઉ.વ.૩૫) પ્લોટ. નં. ૭૫૮/૧, સેક્ટર-૨૯ ગાંધીનગર
- સ્વ. શકરીબેન કેશાજી (ઉ.વ.૭૫) ગામ રૂપાલ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. પ્રજાપતિ દિવાળીબા શંકરદાસ (ઉ.વ.૧૦૦) મુ. સોનીપુર. તા.જી.ગાંધીનગર
- સ્વ. રતનભેન લાલજીભાઈ ચૌધરી (ઉ.વ.૭૦) મુ. વાસણા ચૌધરી, તા. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. પ્રાગજીભાઈ મનજીભાઈ લાલાણી (ઉ.વ.૮૨) ૬૧૧, એકતા કોલોની , સેક્ટર-૨૭, ગાંધીનગર

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૪૪

તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૮૨ ટકા
વરસાદ : ૫.૫ મી.મી.

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

ફાઈન્ડીંગ ફેની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ક્રિએચર (૩ડી)(અંગ્રેજી) : ૧૨.૧૫, ૩.૦૦, ૭.૪૫

ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦

મર્દાની : ૧.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૦૦

પાવર (તેલુગુ) : ૭.૦૦

મેરી કોર્મ : ૯.૪૫

: સ્ક્રીન-૫ :

ક્રિએચર (૨ડી) : ૧૦.૦૦

મેરી કોમ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

ફાઈન્ડીંગ ફેની : ૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :

ક્રિએચર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

મેરી કોમ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :

ક્રિએચર (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ફાઈન્ડીંગ ફેની : ૧૦.૧૫, ૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૮.૧૫, ૧૦.૪૫

સ્ક્રીન-૩ :

ફાઈન્ડીંગ ફેની : ૮.૪૫, ૧૦.૧૫, ૪.૩૦, ૯.૪૫

મેરી કોમ : ૧.૪૫, ૭.૦૦

સ્ક્રીન-૪ :

મેરી કોમ : ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૫

રાજા નટવરલાલ : ૧.૧૫

બે યાર (ગુજરાતી) : ૭.૦૦

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.